वर्ष : २०    सने : २०२३    सं.२०७९
अंक : ७,  સળંગ અંક-१२८  फाल्गुन-फरवरी

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૩ સં.૨૦૭૯

અંક : ૭ ફાગણ-ફેબ્રુઆરી સળંગ અંક-૧૨૮



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્‌લાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ **અહો નવકાર !!!**

★ **પત્ર-પાથેય**

★ **આત્માના દુશ્મનની ઓળખ-**

★ **અનુમોદનાનો અમૃતથાળ**


## આર્ષવાણી

**इक्षो रसं यथादाय,**

**कूर्चकस्त्यज्यते जनैः ।**

**धर्मसारं तथादाय,**

**देहं त्यजति पण्डितः ।।**

જે રીતે માનવો શેરડીનો રસ ગ્રહણ કરી તેના કૂચા ફેંકી દે છે, તે જ રીતે જ્ઞાની જીવ ધર્મરૂપ સાર ગ્રહણ કરી શરીરનો ત્યાગ કરી દે છે.

હે જીભ ! કેટલું ખાવું અને કેટલું બોલવું તે જાણી લે. વધારે ખાવાથી કે વધારે બોલવાથી જીવોનાં મરણ થાય છે !



## ★ અહો નવકાર !!! ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

(ગતાંકથી...) શીલના પ્રભાવે વિજય પ્રાપ્ત કર્યા પછી સુદર્શનશેઠનો વૈરાગ્ય પ્રબળ બની ગયો છે. શ્રાવિકા મનોરમાએ પણ તેમની દીક્ષાની ભાવનાને વધાવી લીધી છે. મહાસતી સીતાદેવીને; રામચન્દ્રજીએ કરેલી અગ્નિપરીક્ષામાં સફળતા મળી... ચારે બાજુ જયજયકાર થયો. રામચન્દ્રજી હવે સીતાજીનો માન-સન્માન સાથે નગરપ્રવેશ કરાવવાની તૈયારી કરે છે. ત્યારે જ સીતાજીએ પોતાનો સંયમના માર્ગે પ્રયાણ કરવાનો નિરધાર જાહેર કરી સૌને આશ્ચર્યમાં મૂકી દીધા ! અહીં મહાસાત્ત્વિક સુદર્શનશેઠ પણ ચારિત્રના માર્ગે ચાલ્યા જવાના નિરધાર સાથે આગળ વધી રહ્યા છે. મનોરમાની સંમતિ મળતાં તેમનો ઉત્સાહ બમણો થઈ ગયો, પોતાની ભાવના પૂરી થાય તો કોને આનંદ ન થાય? અલબત્ત, સાત્ત્વિક પુરુષોનો નિરધાર અડગ જ હોય છે. દુનિયામાં રાગ-વિરાગનું દ્વંદ્વ યુદ્ધ ચાલતું જ હોય છે. આવા યુદ્ધમાં જ્યારે દૃઢ વિરાગી આત્મા ઝુકાવે છે, ત્યારે વિરાગનો જ વિજય થયેલો જોવા મળે છે.

મનમાં જાગૃત થયેલા વૈરાગ્યવાળાને કાળક્ષેપ કરવો ઉચિત જણાતો નથી. તેને એક-એક ક્ષણની કિંમત સમજાઈ ગઈ હોવાથી ઝટ સંસારને અલવિદા કરવાની યોજનાને સાકાર કરવા જ પ્રબંધ કરતો હોય છે. સંસાર પાપ વગર ચાલતો નથી. સંસારમાં ડગલને પગલે થતાં અને કરવાં પડતાં પાપો તેને આંખના કણાની જેમ ખૂંચે છે. સાપ કરતાંય તેને પાપનો ભય વધારે હેરાન કરે છે ! સાપ જેટલી સહેલાઈથી પોતાની કાંચળીનો ત્યાગ કરે તેટલી જ સહજતાથી વિરાગી જીવ ઘર-પરિવાર-સંસારનો ત્યાગ કરી શકે છે ! માનવભવની કિંમત અને ગરિમા સમજ્યા પછી કયો આત્મા પ્રમાદી બની સંસારમાં પડ્યો રહે ? જેલમાં રહેલા કેદી જેવી તેની હાલત અને વિચારણા હોય છે. રાગનો રંગ જેને ચઢ્યો હોય તેને સંસાર કેદખાના જેવો નહીં, પણ પોતાના ઘર જેવો લાગે છે. વિષ્ટાના કીડાને વિષ્ટાય અમૃત-તુલ્ય લાગતી હોય છે, જગતના માનવો ભલે તેને અશુચિ ગણીને તેની દુર્ગંછા કરતા હોય ! તેની દુર્ગંધથી દૂર રહેતા હોય.

'ખણં જાણાહિ પંડિએ' - આગમના આ વાક્યને ઘોળી-ઘોળીને પીધું હોય, અમૃત તુલ્ય તેનો રસાસ્વાદ સ્વાધ્યાય દ્વારા માણ્યો હોય, ક્ષણ-ક્ષણની અમૂલ્ય કિંમત સમજાઈ હોય... તેને સુખમય (?) સંસાર પણ ગમતો નથી. તેને તો સંસાર પાપમય. દુઃખમય અને વિટંબણાથી ભરપૂર લાગે છે. જગતના જીવોને 'બાગ'

જેવો લાગતો સંસાર વિરાગી જીવને 'આગ' જેવો બાળનારો ભાસે છે ! દાવાનળ કરતાં સહેજ પણ ઓછો લાગતો નથી ! કરુણાના સાગર ગણાતા શ્રીતીર્થંકર ભગવંતો કે ગણધરભગવંતોનાં જીવમાત્રનું હિત કરનારાં સુધારસની ગરજ સારતાં વચનો તેને એવાં ગમે છે કે - બત્રીસાં પકવાન પણ ફીકાં લાગે છે. અમૃતનો રસાસ્વાદ જેણે એકવાર લીધો હોય તેને લૂખું-સૂકું ભોજન ક્યાંથી ગળે ઊતરે ? જીભને તે ક્યાંથી પસંદ આવે ? ભીતરનો આનંદ માણ્યો હોય તેને બાહ્ય સુખ (ભૌતિક) ગણાતાં ધન-માલ-મિલકત, ખાન-પાન, નાટક-મેકઅપ, માન-પાન વગેરેમાં આનંદ ન જ આવે. ભીતરનો આનંદ સહજ-સ્વાભાવિક હોય છે. તે ખરીદેલો કે ઊછીનો લીધેલો નથી હોતો. વિનાશી નહીં, અવિનાશી હોય છે. દુનિયાના કોઈ માનવો (ચોરો) તેની ચોરી શકતા નથી. આવા જ આનંદની આંશિક અનુભૂતિ કરી ચૂકેલા અને સંપૂર્ણ આનંદની મજાને લૂંટી લેનારા મોહાદિ તત્ત્વો તરફ કરડી નજર સુદર્શનને પેદા થઈ ગઈ છે.

મોહરાજાની જેના પર મીઠી નજર હોય તે અધ્યાત્મની દૃષ્ટિએ ગુલામ હોય છે અને પોતાના ભવિષ્યને તે અંધકારમય બનાવી રહ્યો હોય છે. મોહરાજા પર જેની કરડી નજર હોય છે તે અધ્યાત્મમાર્ગનો પથિક બને છે ને પોતાના ભવિષ્યને ઉજ્વળ બનાવવાના માર્ગે પ્રગતિ કરતો હોય છે. ટૂંકમાં કહીએ તો મોહરાજાની મીઠી નજર જીવ માટે નુકશાનકારક ગણાય છે. મોહરાજ જીવો માટે લૂટારું છે, જે આત્માના સદ્‌ગુણોને લૂંટે છે. લૂંટારુંની ગોદ (ખોળો) પણ દુઃખની ખાણ છે, ભલે તે મોહક લાગતી હોય ! **મોહરાજા ઈન્દ્રિયો - મનને બહેકાવે છે, જ્યારે ધર્મરાજા આત્માને ગુણોથી મહેંકાવે છે !** બહેકેલી ઈન્દ્રિયો તોફાને ચઢી જીવનમાં ઉત્પાત મચાવે છે ! ગુણોની મહેંક જીવને શાંતિ - સમતા - સમાધિની ભેટ ધરે છે.

મોહરાજાની મીઠી નજર જીવ માટે (આત્મગુણો માટે) ઝેરતુલ્ય છે. માટે તેની ભ્રામક નજરથી દૂર રહેવા જેવું છે. તેણે બિછાવેલી માયા-જાળમાં ન ફસાઈ જવાય તે માટે અત્યંત સાવધ રહેવું. મોહરાજાના વિશાળ લાવ-લશ્કરને તમારા રક્ષક અને સેવક માનવાની મૂર્ખાઈ ક્યારેય ન કરશો. તેનો દેખાવ જુદો છે અને વાસ્તવિકતા સાવ અલગ જ છે. તમારા આત્માને ધર્મ-રાજા સુધી ન પહોંચવા દેવા માટે હંમેશા પહેરો ભરીને બેસી રહે છે તે માટે ઈન્દ્રિયો અને મનને સુંદર ભૌતિક ખોરાક (પાંચ ઈન્દ્રિયના મનગમતા વિષયો) આપી છેતર્યા જ કરે છે. પ્રલોભનો આપવા દ્વારા સતત આકર્ષિત કરીને રાખે છે. ધર્મ-રાજાને આવી નાટક બાજી કરવાનું ગમતું નથી. માયાનો નકાબ પહેરીને જીવોને ઠગવાનું કામ તે ક્યારેય



કરતો નથી. સરળતા અને સ્પષ્ટતા ભર્યું તેનું વર્તન હોય છે. દંભ અને દાવ-પેચથી તે પોતે દૂર છે અને દૂર રહેવાની જ વાત કાયમ કરે છે.

આવી વાતોને જ્ઞાનીઓનાં વચનથી સમજેલો, શ્રદ્ધાળુ બનેલો અને મોહરાજાએ પોતાને ફસાવવા માટે અભયા રાણીદ્વારા રચેલી માયા - જાળના અનુભવથી એ વાતને હૂબહૂ જોયા પછી તે સુદર્શનનો વૈરાગ્યનો રંગ વધુ દૃઢ થઈ ગયો છે. અનાદિકાળથી પોતાને પછાડતો આવેલ જે રાગ-અને મોહ છે, તેને પછાડવા હવે આ શ્રાવકે નિરધાર કર્યો છે. નાનાં-મોટાં નિમિત્તો જ આ રીતે જીવોને જાગૃત બનાવે છે. મોહની ગાઢ નિદ્રામાંથી જગાડે છે. સુદર્શન હવે પૂર્ણપણે જાગી ગયો છે. મોહનું ઝેર અને મોહ-મદિરાનો નશો હવે ઊતરી ગયો છે. હવે તેણે માનવજન્મની અણમોલ ક્ષણોને ઝડપથી સફળ કરવાનો નિશ્ચય કરી લીધો છે.

તેના જ અમલીકરણ માટે પોતાના મોટા પુત્રને બોલાવ્યો. પોતાની ભાવના જણાવવા સાથે કહ્યું કે - તારી માતાને મારી ભાવના જણાવી તેની અનુમતિ લઈ લીધી છે. હવે તારે આ ઘરનો ભાર વહન કરવાનો છે. પિતાની સદ્‌ભાવના અને માતાનો સહયોગ જાણ્યા પછી કયો માતૃ-પિતૃભક્ત-વિનયી વિવેકી અને આજ્ઞાંકિત સુપુત્ર નિષેધ કરે ? અપશુકનિયાળ બિલાડીની જેમ ક્યારેય આડો ઊતરે કે ? ન જ ઊતરે. એટલું જ નહીં, પિતાની ભાવના અને આજ્ઞાને વધાવી જ લે. પુત્ર યોગ્ય ઉંમરે પહોંચે, ગૃહભાર ઉપાડવા સમર્થ બને એટલે ધર્માત્મા-પિતા, તેને ઘરનો કારભાર સોંપી આત્મકલ્યાણ માટે નીકળી જ જાય ! ભૂતકાળનો ઈતિહાસ આ વાતનો ગવાહ છે. **આવી અનુકૂળતા થવા છતાં જે ગૃહવાસનો ત્યાગ કરતો નથી તે મોહરાજાનો ગુલામ-સેવક પોતાની જ દુર્ગતિ ઊભી કરે છે.** વર્તમાન જન્મ અને આગામી જન્મ : બંનેને બગાડે છે. મોહ-રાજાના ઈશારે નિશ્ચિત હારવાળો જુગાર જ ખેલે છે. હારેલા જુગારીની જેમ આવા જુગારીનું પણ પરિણામ એવું આવે છે કે - પોતાનો પરિવાર, ઘર વગેરેને છિન્ન-ભિન્ન કરી નાંખે છે ! જાતની પણ સૂધ-બૂધ ખોઈ બેસે છે. **મહાભારત આવા જુગારનું જ પરિણામ છે ને ? એ મહાભારત તો ઘણા બધા કાળ પછી ક્યારેક જ ખેલાતું હશે... પરંતુ જીવોનાં જીવન તપાસીએ તો લગભગ મોટાભાગના જીવો આવા મહાભારતના ભોગ બની ચૂક્યા છે, બની રહ્યા છે, ભવિષ્યમાં બનશે...!**

પુત્રને માનસિકરીતે ગૃહભાર સંભાળવા તૈયાર કરી દીધો. પોતાના વર્ષોનાં અનુભવના આધારે યોગ્ય હિતશિક્ષા પ્રદાન કરી, સમયે સમયે યોગ્ય શિખામણ આપતાં રહેવી, એ સમજુ-વિવેકી માતા-પિતાની ફરજ છે. ઈતિહાસ પણ આની

સાખ છે. શિખામણ આપ્યા વગર પેઢી કે ઘરનો ભાર સોંપવામાં આવે તો ઘણા અનર્થો સર્જાય છે. પૂરો પરિવાર વેર-વિખેર થઈ જાય... દુર્ધ્યાનમાં ફસાઈ જાય. ભાવિ અંધકારમય બની જાય.

સુદર્શન શેઠ સંસાર અને ધર્મનો સમન્વય સાધીને રહ્યા હોવાથી બંને તરફના જ્ઞાન અને અનુભવવાળા હતા. ધર્મને બાધ ન આવે તે રીતે સંસાર કેમ ચલાવવો ? ધર્મથી વિચલિત કરનારાં લોભાદિ તત્ત્વોથી કઈ રીતે બચવું ? વગેરે વાતો દીકરાને ટૂંકમાં સમજાવી દીધી. પોતાના સંસ્કારો તો હતા જ, એ સંસ્કાર દીપકમાં જરૂરી તેલ ઊમેરી દીધું. હવે (દીક્ષા લીધા બાદ) પાછું વાળીને જોવું ન પડે એવી સરસ વાતો હૈયાના હેત અને પ્રેમથી કરી દીધી.

સુદર્શન-મનોરમાએ પોતાનાં છએ સંતાનોનો ઊછેર માત્ર શરીરથી કે પૌષ્ટિક આહારથી જ નહોતો કર્યો... તેની સાથે સાથે ગુણ અને સંસ્કારનું પાન કરાવી મોટાં કર્યાં હતાં. શરીરનો ઊછેર તો જાનવરોય કરે છે. માનવસંતાનોનાં ઊછેરની વિશેષતા શું ? આહાર-નિદ્રા-ભય અને મૈથુનઃ આ ચાર સંજ્ઞાઓ માનવ અને જાનવરમાંય સમાન હોય છે, તો માનવ પાસે અસાધારણ શું ? જવાબ મળે છે. જ્ઞાન અને જ્ઞાનનાં માધ્યમથી જાગેલો વિવેક. જો માનવમાં વિવેક ન હોય તો જાનવરમાં ને પોતાનામાં કોઈ જ ફરક નથી. કેટલાક માનવો અજ્ઞાન જીવન જીવે છે, તો કેટલાક વિવેકહીન જીવન પસાર કરે છે. જ્ઞાન અને વિવેક તો માનવની શોભા અને સંસ્કાર છે. એ જ તેનાં સાચાં અલંકાર છે. સોના-ચાંદી કે ઝવેરાતના દાગીનાની શું કિંમત છે ? એ દાગીનાથી પરલોકને ઉજ્વળ નથી બનાવી શકાતો.

શ્રાવક પિતા ને શ્રાવિકા માતાનાં સંતાનો કેવાં હોય ? કર્મયોગે તે સંતાનો યોગ્ય રીતે ન કેળવાય તે બની શકે પરંતુ માતા-પિતાની કેળવણીમાં તો કચાશ ન જ હોય : માતા-પિતાનાં દ્રવ્યવાત્સલ્ય સાથે ભાવ-વાત્સલ્યથી એ સંતાનનો ભીંજાતાં જ હોય... તે **સંતાનોને ધર્મસંસ્કારથી સમૃદ્ધ બનાવવાનું કાર્ય ભાવવાત્સલ્યથી થાય છે.** ભાવ-વાત્સલ્યમાં માતા-પિતાના હૃદયના શુભભાવો ઠલવાય છે. ભાવની ધારા તો ભલ-ભલા પત્થર દિલનેય પિગળાવી દે છે. પાણીની સતત પડતી ધારા જો પત્થરનેય તોડી શકતી હોય તો સદ્‌ભાવનાની ધારા ધાર્યું પરિણામ કેમ ન લાવી શકે ? ક્યારેક થોડી ધીરજ સાથે લાંબો સમય પુરુષાર્થ કરવો પડે તેવું બની શકે.

દીકરાને તૈયાર થયેલો જોતાં જ હવે સદ્‌ગુરુનાં ચરણોમાં જીવન સમર્પિત કરવા સુદર્શન તૈયાર થઈ ગયા. ગુરુ પણ ગુણવાન હોવા જોઈએ તો જ પોતાની જીવન નૈયાને ઉગારી શકે. પંચિંદિય સૂત્રમાં જણાવેલા ૩૬ ગુણો અથવા યોગશાસ્ત્રમાં શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજે જણાવેલા - પાંચ મહાવ્રતને પાળતા,



ધીર-ગંભીર, ભિક્ષાથી આજીવિકા ચલાવતા, જીવજ્જીવના સામાયિકવ્રતવાળા અને ધર્મનો જ ઉપદેશ આપનારા ગુરુભગવંત કહેવાય. આવા ગુરુભગવંત પોતે સંસાર-સાગરથી તરે અને શરણે આવેલાને (બીજાને) ય તારે ! **ગુણહીન હોય તો સ્વયં ડૂબે અને શરણાર્થીનેય ડુબાડે !** ત્યારે જ તો જગતમાં કહેવત પડીને કે - 'जैसा गुरु, वैसा चेला, दोनों नरक में ठेलं ठेला.'

ધર્માત્મા ભાગ્યશાળી હોય એટલે યોગ્ય અને ગુણસમૃદ્ધ ગુરુદેવ મળી જાય. શેઠનેય ધર્મ-ધુરાને સંભાળનારા ગુરુભગવંતનો ભેટો થઈ ગયો. જય વીયરાય ! સૂત્રમાં રોજ 'સુહગુરુજોગો...' ની માંગણી કરનારની હાર્દિક ભાવના ફળે જ. પ્રાર્થના સૂત્રની તેર માંગણી યોગ્ય-પાત્ર જીવને ફળ્યા વગર ન રહે. દિલાવરને કરેલી દિલની પ્રાર્થના ફળે જ. જિનરાજ તો કરુણાના આગર(ખાણ) હોય છે. ભગવાનને કરેલી પ્રાર્થનામાં એવી તાકાત છે કે - તે વસ્તુની પ્રાપ્તિ પણ થાય ને પાત્રતા પણ મળે. પાત્રતા વિના પદાર્થની પ્રાપ્તિ દુર્ગતિ અને દુઃખની વણઝાર ઊભી કરી દે છે. એટલે કોઈપણ માંગણી-પ્રાર્થના કરતાં પહેલાં તેની પાત્રતા જરૂર માંગજો. **પાત્રને મળેલી ચીજ ક્યારેય અનર્થ કરનારી ન થાય કે નિરર્થક પણ ન જાય. સાર્થક અને સિદ્ધિ માટે થાય!**

જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી વાસિત અંતઃકરણવાળા સુદર્શન મુનિવર હવે રત્નત્રયીની સાધનામાં ડૂબી ગયા છે. પોતાની દુનિયા હવે બદલાઈ ગઈ છે. સંસારી જીવની દૃષ્ટિ અને સંયમી જીવની દૃષ્ટિમાં મોટું અંતર છે સંસારી જીવની પ્રવૃત્તિ અને ચારિત્રધારી જીવની પ્રવૃત્તિ ભિન્ન છે. અગાર (ઘર) છોડી અણગાર બને ત્યારે વેશ, કાર્ય, કાર્યક્ષેત્ર સાથે નામ-પરિવર્તન પણ થાય છે. મનની વૃત્તિ અને વચન-કાયાની પ્રવૃત્તિમાં ધરખમ ફેરફાર જોવા મળે છે દેહ-ધન ને પરિવારથી સંકડાયેલો-બંધાયેલો તે જીવ હવે પ્રભુ - જિનાગમ (શાસ્ત્રો) અને ચતુર્વિધ સંઘના સંબંધવાળો બની જાય છે. પાપની પ્રવૃત્તિ અને વૃત્તિનો મન-વચન-કાયાથી ત્યાગ કરી નિષ્પાપ જીવન જીવવાની ભાવના લઈને તેઓ સાધુ બને છે. **મુનિજીવન મુખ્યત્વે ગુપ્તિનાં પાલનવાળું જીવન છે.** ખાસ જરૂર હોય ને પ્રવૃત્તિ કરવી જ પડે તો સમિતિનો ઉપયોગ કરે છે. મતલબ, **ગુપ્તિ એ ઉત્સર્ગ માર્ગ છે, સમિતિ અપનાદમાર્ગ છે.**

પ્રવૃત્તિને અનુરૂપ વૃત્તિનું નિર્માણ થવાની સંભાવના વધુ હોય છે. તેથી જ સાધુની પ્રવૃત્તિ (સાધ્વાચાર) જ એવી બતાવી કે તેનાથી શુભ-શુદ્ધ વૃત્તિ તરફ જીવ પ્રગતિ કરી શકે. **સાધ્વાચારમાં શરીરની નહીં; આત્માની જ ચિંતા સૌથી વધારે**

**હોય છે.** એ સાધ્વાચારમાં પ્રતિક્રમણ-પડિલેહણાદિ આવશ્યક ક્રિયાઓ સિવાયના સમયમાં સૌથી વધારે સ્વાધ્યાય ઉપર જ ભાર મૂક્યો છે. **સ્વાધ્યાયથી જ આત્મપરિણતિ ઘડાય છે. સ્વાધ્યાય તો સાધુને જ નહીં, સાધુતાને જીવાડનારી સંજીવની ગણાય છે.** આગમની નાની પણ માર્મિક પંક્તિ જણાવે છે કે - **'सज्झाए वट्टंतो खणे खणे जाइ वेरग्गं'** - સ્વાધ્યાયમાં રમમાણ આત્મા ક્ષણે ક્ષણે નવા નવા (સંવેગ અને) વૈરાગ્યને પામે છે. અર્થાત્ તેના સંવેગ અને વૈરાગ્યનો ગ્રાફ ક્ષણે ક્ષણે આગળ (ઉપર) વધતો જાય છે. જ્ઞાનીએ કહેલા ભાવોથી આત્માને ભાવિત કરવા માટે; એ જ જ્ઞાનીનાં ત્રિકાળાબાધ્ય અને અમોઘ વચનો જ રામબાણ ઉપાય છે.

સુદર્શન મુનિવરનો આત્મા આવા જ સ્વાધ્યાયમાં આગળ વધી રહ્યો છે, તે પણ સાધ્વાચારના અખંડ-પાલન સાથે ! સાર એ છે કે - આ મુનિવરે જ્ઞાન અને ક્રિયાનો સમન્વય સાધ્યો છે. જ્ઞાનવગરની ક્રિયા અથવા ક્રિયા વગરનું જ્ઞાન ક્યારેય સિદ્ધિ ન આપી શકે.

**(ક્રમશઃ) ધ**

## ★ પત્ર-પાથેય

[૧] તા.૧-૮-૨૦૨૨ મસૂર, જૈનઉપાશ્રય

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી,**

ધર્માનુરાગી સુશ્રાવક શ્રીપાળભાઈ યોગ્ય ધર્મલાભ.

દેવ-ગુરુપસાયે સુખશાતા છે.

થોડા દિવસ પૂર્વે તમારા પૂ.પિતાશ્રી સુરેશભાઈ બડેરના સ્વર્ગવાસ થયાના સમાચાર વાયા-વાયા મળ્યા. સમાચાર દુઃખદ ગણાય. આપણે જિનશાસનને પામ્યા હોવાથી સ્વર્ગતની પાછળ શોક ન કરતાં **'વિશેષ ધર્મ'** કરવાનો હોય. શાસ્ત્રકારના મત પ્રમાણે જન્મ ગુનારૂપ છે ને મોત તેની સજારૂપે છે.

**જગદ્ગુરુ જૈન યુવક મંડળની** સ્થાપના આજથી ૫૦ વર્ષ પૂર્વે મારા પૂજ્યપાદ ગુરુદેવના ધુલિયામાં થયેલા શાનદાર-અવિસ્મરણીય ચોમાસામાં થયેલી. તેના ફાઉન્ડર સભ્યોમાં સુરેશભાઈ બડેર પણ હતા. ઘણાં વર્ષો સુધી તમારા પૂ.પિતાજીએ જિનભક્તિ-ગુરુભક્તિ-સંઘભક્તિ તથા સંઘનાં કાર્યો કર્યાં છે.

અમારા ચોમાસામાં (વિ.સં.૨૦૬૭) ગોચરી વગેરેની ઘણી ભક્તિ પણ કરી હતી. આ બધાની અનુમોદના કરવા સાથે એ જ માર્ગે તમે પણ આગળ વધશો.



થોડા જ દિવસના અંતરે બંને સુરેશભાઈના જવાથી સંઘ-શાસનને મોટી ખોટ પડી છે. એ ખોટને પૂરી કરવા બડેર-મુથા પરિવારે મહેનત કરવાની છે.

**'બાપ કરતાં બેટા સવાયા'** ની કહેવત ને લક્ષમાં લઈ બંને પરિવારના સભ્યો; પરિવાર - જ્ઞાતિ - સંઘ - ગામમાં સવાયા બની નામ રોશન કરે; એવી ભલામણ કરું છું.

આગળની પેઢીને પણ આ જ માર્ગે આગળ વધારશો.

બંને સુરેશભાઈ સદ્ગતિ-જિનશાસનને પામવા દ્વારા શીઘ્ર મુક્તિગામી બને; એ જ મંગલકામના.

દ.પૂ. ગુરુદેવ આ.ભ. **વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના** શિષ્ય આ.વિ. **ભવ્યદર્શનસૂરિના** ધર્મલાભ...

મારુંહાલ ચાતુર્માસ પૂ.ગુરુદેવની જન્મભૂમિ-મસૂરગામમાં છે.

**[૨] તા.૧-૮-૨૦૨૨ મસૂર,જૈન ઉપાશ્રય**

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી,**

ધર્માનુરાગી સુશ્રાવક સુશીલુકમાર આદિ મુથા પરિવાર યોગ્ય ધર્મલાભ. દેવ-ગુરુપસાયે સુખશાતા છે.

વિ.જણાવવાનું કે-તમારા પૂ.પિતાશ્રી સુરેશભાઈના દેવલોકગમનના સમાચાર વાયા-વાયા જાણવા મળ્યા. તમારા પિતાશ્રીજીનો મારા પૂજ્યપાદ ગુરુદેવ સાથે લગભગ ૫૦ વર્ષ જૂનો સંબંધ-પરિચય હતો. મારા પૂ.ગુરુદેવના વિ.સં.૨૦૨૯ ના ચોમાસામાં ધુલિયાના યુવાનોમાં મહાપરિવર્તન આવ્યું હતું. મારા પૂ.ગુરુદેવે ચાતુર્માસ પ્રવેશના પ્રથમ પ્રવચનમાં જ જણાવ્યું હતું કે 'મૈ યુવાનોં કે ઉત્થાન કે લિયે આયા હૂં'

તે જ ચોમાસામાં પૂ.ગુરુદેવદ્વારા ઘણાં ઐતિહાસીક કાર્યો થયેલાં. તેમાં **'જગદ્ગુરુ જૈનયુવક મંડળ'**ની સ્થાપના થઈ હતી. શ્રી સંઘના ૭૦ વર્ષ જૂના ચોપડા તપાસી દેવદ્રવ્યના મહાદોષમાંથી સૌને મુક્તિ અપાવી હતી. તેના તકતી આજે પણ મુણોત ઉપાશ્રયમાં લાગેલી છે.

જગદ્ગુરુ જૈનયુવક મંડળમાં અન્ય ઘણા યુવાનો સાથે સુરેશભાઈ મુથા, સુરેશભાઈ બડેર અગ્રેસર હતા. યોગાનુયોગ મંડળના ૫૦ વર્ષની પૂર્ણાહુતિ પૂર્વે જ બંને સુરેશભાઈ બે-ચાર દિવસના અંતરે જ સ્વર્ગે સિધાવ્યા !

તમારા પૂ.પિતાશ્રી હાલમાં સંઘમાં અધ્યક્ષ તરીકે કાર્યરત હતા. પૂર્વે પણ અધ્યક્ષપદ શોભાવી ગયા હતા. મંડળના પણ અધ્યક્ષ રહી ચૂક્યા હતા. મંડળની

કીર્તિ મહારાષ્ટ્રના ખાનદેશમાં પ્રસરી હતી. મંડળે ભક્તિ ઉપરાંત પણ શ્રી સંઘનાં ઘણાં ઘણાં કાર્યો દ્વારા ધુલિયાનું, પૂ.ગુરુદેવનું અને મેમ્બરોનું નામ રોશન કર્યું હતું. હવે નવી પેઢીને પણ તે જ રીતે તૈયાર કરવી જોઈએ. આ જ નામ હેઠળ એ મંડળ પણ તેવા જ ઉદ્દેશો સાથે આગળ વધશે તો નવાં ૫૦ વર્ષ શ્રીસંઘ અને ગામમાટે સુવર્ણયુગ સમાન બનશે. સાથે જિનભક્તિ -ગુરુભક્તિ-સંઘભક્તિ વગેરેનાં માધ્યમથી સૌનું આત્મકલ્યાણ થશે. આવનારી પેઢીને ઉચ્ચ આદર્શ પ્રાપ્ત થશે.

તમારો પરિવાર પણ આવાં જે કાર્યો દ્વારા મુથાપરિવાર તથા સંઘ-નગરમાટે તન-મન-ધન વગેરે શક્તિઓનો સદ્ઉપયોગ કરી વર્તમાન જન્મ અને આગામી જન્મોને સમુજ્વલ બનાવવા પૂર્વક મુક્તિને નજીક બનાવે; એવી શુભાભિલાષા પાઠવું છું.

સુરેશભાઈની પાછળ શોક કરી નવાં શોકમોહનીયકર્મ ન બાંધતાં મનને ધર્મમાર્ગે વાળશો. સંસારના સ્વરૂપને જ્ઞાની ભગવંતોની દૃષ્ટિએ વિચારશો. સ્વર્ગત પુણ્યાત્માના ગુણોનો વિચાર કરશો. તે ગુણોના અર્જન માટે પુરુષાર્થ કરશો. એમાં જ આપણાં મન-વચન-કાયા અને જીવનની સફળતા છે. ઉચ્ચ-આદર્શ શ્રાવકજીવન જીવવા પૂર્વક અને યોગ્યતા પ્રાપ્ત કરવા પૂર્વક, યોગ આવ્યે શ્રમણ જીવન સ્વીકારવાની ભાવનામાં આગળ વધશો. ધર્મ જ તારણહાર છે.

તમારા પૂ.પિતાજી; નગર અને સંઘની તથા મંડળની આન-બાન-શાન હતા. તે જ રીતે, એ જ માર્ગે તમે પણ આગળ વધો; એવી મંગલ-કામના.

મંડળના ૫૦ વર્ષની પૂર્ણાહુતિ પર ભલે બંને સુરેશભાઈ ન હોય તોય બાકીના ભાગ્યશાળીઓ સુંદર મહોત્સવાદિનું આયોજન કરે, એવી ભલામણ કરું છું. મંડળને અનુરૂપ અને મેમ્બરોની આર્થિક સ્થિતિ અનુસાર પ્રસંગ થવો જોઈએ.

પૂરા મુથા પરિવારને ધર્મલાભ જણાવવા પૂર્વક આ પત્ર વંચાવશો.

આરાધનામાં અપ્રમત્તભાવે આગળ વધશો.

દ.(પૂજ્યપાદ ગુરુદેવ આ.ભ. શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય) **આ.વિ.ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ.**

તા.ક. વિ.સં.૨૦૨૯ માં મારા પૂ.ગુરુદેવનું મુનિઅવસ્થાનું અંતિમ ચાતુર્માસ હતું. તો વિ.સં.૨૦૬૭ માં મારું આચાર્યપદવી પછીનું પ્રથમ ચાતુર્માસ હતું.
હાલ મારું ચોમાસું પૂ.ગુરુદેવની જન્મભૂમિ-મસૂરમાં છે.
(જિ.સાતારા - મહારાષ્ટ્ર)

**[૩] તા.૫-૧૧-૨૦૨૨** **મસૂર જૈન ઉપાશ્રય**



**આ.વિ.ભવ્યદર્શનસૂરિ તરફથી,**

ધર્માનુરાગી સુશ્રાવક બિપીનભાઈ યોગ્ય ધર્મલાભ. દેવ-ગુરુપસાયે સુખશાતા છે.

સુ.લલિતભાઈ આવીને ગયા. તેમણે જીવનમાં આગળ વધવા પ્રેરણા-માર્ગદર્શન લીધાં. તેમાં સમય ગયો. વિશેષ રોકાણ ન હોવાથી પત્ર લખીને ન આપી શક્યો. તેથી આ પત્ર હાલ તો તત્કાલ વોટ્સએપથી મોકલાવ્યો છે. મૂળ કોપી પછી પોસ્ટથી મોકલી આપીશ.

તમારી શારીરિકાદિ પરિસ્થિતિ મને જણાવી.

**શાસ્ત્રકાર ભગવંતોએ શરીરને ઓળખવા સાથે** પૌદ્ગલિક પરિવર્તનને સમજી તેનાથી કેમ/કઈ રીતે કામ લેવું, તેનું માર્ગદર્શન આપેલ છે. તે માટે અનિત્યભાવના, અશુચિભાવના/આશ્રવભાવના, એકત્વ ભાવના વગેરેનો સહારો લેવાની વાત કરી છે. ભાવનાઓમાં ગજબ સામર્થ્ય છે. હજારો દૃષ્ટાંતો આપણી સામે છે, જેમાં ભાવનાના યોગે કેવળજ્ઞાન મેળવ્યું છે. **'ભાવના ભવનાશિની'** માટે જ કહેવાયું છે. ભરતચક્રવર્તી, ઈલાચીકુમાર, ચિલાતીપુત્ર, ગજસુકુમાલ મુનિ વગેરેનાં કથાનકો ભાવના પર જ ભાર મૂકે છે.

જગતમાં, ઘરમાં, પરિવારમાં નિમિત્તો મળ્યા જ કરવાનાં.. જે રાગ-દ્વેષ-ક્રોધાદિ કષાયો કરાવવા માટે ઉશ્કેરણી કરે.. જિનવચનોનાં મધ્યમથી તેને નિષ્ફળ બનાવવાનાં છે. તેમાં જ આપણે મેળવેલાં જ્ઞાન અને બુદ્ધિને કામે લગાડવાનાં છે.

શરીરને ઓળખીને, પરાધીન અવસ્થા સમજીને, અશાતાવેદનીય વગેરે કર્મોના ઉદયનો ખ્યાલ રાખી; તે તમામ અશુભ કર્મોને સમતાભાવે ભોગવીને હિસાબ ચૂકતે કરવાનો છે. નવાં અશુભકર્મો ન બંધાઈ જાય... દુર્ગતિનું પરિભ્રમણ ન વધી જાય તેની સાવધાની રાખવાની છે.

નવકારમંત્રાદિ તથા સૂત્રો આદિનાં આલંબનથી શુભધ્યાનમાં રહેવાનું છે. આવી સ્થિતિમાં મન ઉપર સતત અને વિશેષ નિયંત્રણ રાખવાનું છે. મન જ કર્મના બંધનમાં અને મુક્તિમાં મહત્ત્વનાં કારણ તરીકે ગણાય છે. તેથી મનને વશમાં રાખવાનો હંમેશા પુરુષાર્થ કરવાનો છે, જે સરળ નથી, કઠિન છે... પરંતુ પ્રભુના શાસનને પામેલા જીવો માટે સંભવિત છે.

દુર્ભાવોને દૂર કરવા માટે શુભભાવનાઓ તથા ભાવના માટેનાં સાધનરૂપ મન પર વધારે જોર આપવાનું છે. આપણું મન અપ્રશસ્ત ભાવોમાં ચાલ્યું ન જાય તે માટે સતત જ્ઞાનોપયોગમાં રહેવાનું છે.

તમામ નિમિત્તોમાં, પ્રતિકૂળતાઓમાં પોતાનાં કર્મોનો જ દોષ ગણવાનો છે. બાકી તો જીવો કે પુદ્ગલો તો માત્ર નિમિત્ત છે.

વિશેષ, અવસરે... **દ. આ.વિ. ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ...**

[૪] સં.૨૦૭૯, મા.સુ.૩ સાસવડ, જૈન ઉપાશ્રય

**આચાર્ય વિજય ભવ્યદર્શનસૂરિ તરફથી,**

જિનાજ્ઞાપ્રેમી શ્રી શ્રીપાળનગર જૈન શ્વે.મૂ.દેરાસર-ઉપાશ્રય ટ્રસ્ટ તથા આરાધકો યોગ્ય, ધર્મલાભ. દેવ-ગુરુપસાયે શાતા છે.

વાલકેશ્વરના નજરાણા સમા શ્રી ઋષભદેવપ્રભુ આદિથી અલંકૃત તમારા જિનાલયને; માગસર સુ.૫ તા.૨૮-૧૧-૨૦૨૨ સોમવારે ૫૦ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે; તે વાત તમારા પત્રથી જાણી, આનંદ થયો.

જિનશાસન શિરતાજ, સુવિશાલ ગચ્છનાયક પૂ.આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના વરદહસ્તે થયેલી શાસન પ્રભાવના પુરઃસર અને ઐતિહાસિક પુરવાર થયેલી અનેક પ્રતિષ્ઠાઓમાં શ્રીપાળનગરની પ્રતિષ્ઠા અગ્રિમ પંક્તિમાં ગણાય એવી થઈ હતી !

અલબત્ત, આ પત્ર લખવામાં મને વિલંબ થયો છે. હવે તો કળશારોપણ સદૃશ અર્ધશતાબ્દીનો દિન નજીક છે, વિહારાદિના કારણે જવાબ આપવામાં ઢીલ થઈ છે.

શ્રીપાળનગરનું જિનાલય, ત્યાંના આરાધકો, પૂજકો વગેરેથી દિન-પ્રતિદિન અનેકરીતે ઉન્નતિના પંથે છે. વિશિષ્ટ સ્થાન-માન ધરાવતું આ જિનાલય માત્ર શતાબ્દી જ નહીં, સેંકડો વર્ષ સુધી ભવ્યાત્માઓને તારવાના આલંબન રૂપ, ભવસાગરમાં જહાજ સમાન બનો; એવી મંગલકામના કરું છું.

શાસ્ત્ર અને શાસ્ત્રમાન્ય પ્રાચીન પરંપરાને જીવંત રાખનારું આ સ્થાન ભવ્યાત્માઓ માટે પ્રાણ અને ત્રાણરૂપ છે. અનેક ગચ્છનાયકો, આરાધક-રક્ષક-પ્રભાવક સૂરિભગંવતો અને પદસ્થાદિ મુનિભગવંતોથી પાવન થયેલી આ ભોમકા છે. ફાઉન્ડર મેમ્બરો, તેના પરિવારજનો તથા ભૂતકાળ-વર્તમાનકાળના આરાધકોથી ૫૦ વર્ષથી ધમ-ધમી રહ્યું છે. ભવિષ્યમાં પણ તેમાં સર્વતઃ સર્વદા વૃદ્ધિ થતી રહે તે માટે લાગતા - વળગતા જીવોએ હંમેશા જાગૃત રહી જહેમત ઉઠાવવાની છે.

મેં મારા પૂ.ગુરુદેવ ધર્મતીર્થપ્રભાવક આ.ભ. શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા સાથે ત્રણ-ત્રણ ચાતુર્માસ કર્યાં છે. પાંચ કલ્યાણકોનાં વરઘોડા પણ મારા પૂ.ગુરુદેવની જ પ્રેરણાથી શરૂ થયાં છે, જે અદ્યાવધિ ચાલુ છે.



શ્રી જિનાલય અને શ્રીજિનેશ્વરદેવોનાં પાવન આલંબને સહુ ભવસાગર તરનારા બનો; એ જ શુભાભિલાષા.

**દ.આ.વિ. ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ...**

## ★ આત્માના દુશ્મનની ઓળખ-૬ ★★★

**-પૂ.આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

આપણે આત્માના દુશ્મનની ઓળખમાં લાગેલા છીએ. ઘણા સંશોધન પછી આ શત્રુની વાસ્તવિક ઓળખ શક્ય બને છે. ઓળખ થયા પછી જ એનાથી બચવા-દૂર રહેવાની મહેનત શરૂ થાય છે. દુશ્મનને દૂર કરવા, દુશ્મનથી બચવા માટે જીવને સહાયની પણ જરૂર પડે છે. કારણ, આ દુશ્મનો ચારે તરફથી વાર (હુમલો) કરે છે, ત્યારે સહાયક ન હોય તો જીવને તે દુશ્મનો હત-પ્રહત કરી નાખે છે, દુર્ગતિરૂપ જેલના હવાલે કરી દે છે. પાપના માર્ગે ખેંચી જાય છે. પરિણામે દુઃખના ડુંગરો નીચે જીવ કચડાયા કરે છે ! અનેક યાતનાઓનો શિકાર બને છે. શત્રુઓની પ્રેરણાથી જીવ પાપના માર્ગે બેધડક આગળ વધે છે. તે સમયે એ પાપના કટુ વિપાકો, કરુણ અંજામો પ્રત્યે આંખ આડા કાન કરે છે. એમાંય એ દુશ્મનોની ભેદી ચાલ જ કામ કરે છે.

દુશ્મનો અને તેના પરિવારજનો બહુરૂપી જેવા છે. રોજ નવા નવા રૂપરંગમાં, સાજ-સજ્જામાં આવીને જીવને ભોળવવાનું - ઠગવાનું કામ કરે છે. જીવ એની મીઠીવાણીમાં અને માયાજાળમાં ભાનભૂલીને ફસાઈ જાય છે. જેમ પારધિની જાળમાં પશુ-પક્ષીઓ ફસાઈ જાય છે! નવા નવા પ્રલોભનો આપીને જડ ગણાતા શત્રુઓ જીવને બંધનગ્રસ્ત બનાવે છે. ગળામાં ગાળિયો નંખાઈ ગયા પછી, પગ બેડીઓ-માં જકડાયા પછી જ જીવને તેનું ભાન થાય છે. દુર્જન હોવા છતાં એ દુશ્મનો સજ્જનનું મોહરું પહેરીને ભરમાવે છે. ભ્રમમાં પડેલા જીવોને જ્યારે વાસ્તવિકતાનો ખ્યાલ આવે છે ત્યારે સમયનાં વ્હેણ એટલાં આગળ વધી ગયાં હોય છે કે બાજી હાથમાંથી ચાલી ગઈ હોય છે. અંતે હાર્યો જુગારી અથવા માખી હાથ ઘસે તેવો ઘાટ થાય છે. હા, આ રીતે સંસારની અનાદિથી ચાલતી યાત્રામાં અનંતવાર આવી સ્થિતિનું નિર્માણ થયું છે. જીવ દરેક વખતે ભૂલનું પુનરાવર્તન જ કરે છે. પરિવર્તન આવતું નથી. સમજણના ભવમાં પરિવર્તન ન આવે તો એ પરિવર્તનની આશા અપેક્ષા ક્યાં-કયા ભવમાં રાખવી ?

આ મિથ્યાત્વને સમજાવવા માટે શાસ્ત્રકારોએ તો ગ્રંથો ભર્યા છે. સેંકડો ગ્રંથોમાં, હજારો શ્લોકોમાં એના ઉપર ફીટકાર છૂટે એવાં લખાણો કર્યાં છે પરંતુ

જીવ તે તરફ ડોકિયું કરે તો ને ? વાંચન કર્યા પછી એના ઉપર ચિંતન કરે તો પરિવર્તનની દિશા હાથમાં આવે. પુનરાવર્તનની કરુણ સ્થિતિમાંથી જીવનો ઉદ્ધાર થાય. શત્રુને શત્રુ સમજવાની વાત તો દૂર રહી એને સ્વજન-મિત્ર-પરિજન માને તે તો ક્યારેય એ દુશ્મનોની નાગચૂડમાંથી મુક્ત ન જ થઈ શકે. માછલી વગેરે શિકારને પકડવા માટે શિકારી પહેલાં તો એને લલચાવવા-આકર્ષિત કરવા, તેને મનગમતી ચીજ આપે છે, બનાવે છે. તેના પ્રભોલનથી લાલચુ જીવ તે તરફ ખેંચાય છે. પડદા પાછળની સ્થિતિનો ખ્યાલ ન આવવાના કારણે જીવડો આભાસી સુખમાં લેવાઈ-લેપાઈ જાય છે. પછી તો મોત જ એના માટે શરણ બને છે. આવાં મોત એક નહીં, અનેકવાર આવે છે. આનો અર્થ એ થયો કે - અનેક જન્મ-મરણની કારમી પીડા જીવને ભોગવવી પડે છે. એક વારની ભૂલ અનેકવાર સજા આપે છે.

આ મિથ્યાત્વજાળના દુશ્મનની ઓળખ (પરિચય) સંક્ષેપમાં આપી. વિસ્તાર તો ઘણો કરી શકાય છે. પરંતુ આગળ-આગળના દુશ્મનોની વાત પણ કરવાની હોવાથી હવે ત્રણ પ્રકારના દુશ્મનમાં બીજી પ્રકારના શત્રુની ઓળખ કરીએ.

બીજી પ્રકારના દુશ્મનું નામ છેઃ અજ્ઞાનતા, અલબત્ત, અજ્ઞાનતાની પાછળ પણ મિથ્યાત્વ જ જવાબદાર છે. જ્ઞાન ગમે તેટલું મેળવ્યું હોય પરંતુ મિથ્યાત્વની સંગતિથી દૂષિત બનવાના કારણે અજ્ઞાન ગણાય છે. જેમ દૂધપાક ગમે તેટલો હોય, સારો પણ હોય પરંતુ એમાં ઝેરનાં બે-ચાર ટીપાં પડી ગયાં હોય તો ? એ દૂધપાક દૂષિત અને ઝેરી બનવાના કારણે ખાવા-પીવા લાયક રહેતો નથી. આ જ રીતે જ્ઞાન પણ મિથ્યાત્વથી ઝેરી-દૂષિત બની જવાના કારણે આત્માને પુષ્ટિકારક થવાની જગ્યાએ હાનિકારક પુરવાર થાય છે. આત્માના હિતની જગ્યાએ અહિતકારક થાય છે.

દોષોના બે પ્રકાર પાડી શકાય છે. ૧. સડેલી કેરી અથવા કપડાને લાગતા ડાઘ જેવા અને ૨. ડહોળા - ગંદા પાણી જેવા અથવા ઝેરમિશ્રિત દૂધપાક જેવા. પહેલા પ્રકારના દોષો માત્ર અમુક ભાગને જ બગાડે છે. દોષવાળો ભાગ કાઢી નાખ્યા બાદ બાકીનો ભાગ ઉપયોગમાં લઈ શકાય છે. અથવા કપડાનો ડાઘ ધોઈ નાખ્યા બાદ કપડું સ્વચ્છ થઈ જાય છે. જ્યારે બીજા પ્રકારના દોષો તો સંપૂર્ણ પદાર્થ-વસ્તુને દૂષિત બનાવી દે છે, એનો સંપૂર્ણ જ ત્યાગ કરવો પડે છે. ઝેરવાળો દૂધપાક સંપૂર્ણ જ ફેંકી દેવો પડે છે. ડહોળું - ગંદું પાણી પૂરેપૂરું જ દૂષિત હોવાથી એનો ત્યાગ જ કરવાનો રહે છે. જ્યારે કપડું ડાઘ કાઢી નાંખ્યા પછી ઉપયોગમાં લઈ શકાય છે. સડેલું નાગરવેલનું પાન કે કેરી વગેરે સડેલો ભાગ દૂર કરીને



બાકીનો ભાગ વાપરી શકાય છે.

મિથ્યાત્વ તમામ ધર્મને દૂષિત કરનારું હોવાથી તેનો ત્યાગ જ કરવો પડે છે. ઝેરી પદાર્થ અથવા ઝેરમિશ્રિત પદાર્થ ખવાઈ ગયો હોય તો એને વૈદ્યો વોમિટ (ઊલટી) કરાવીને અથવા પેટમાં વધારે અંદર ચાલ્યો ગયો હોય તો ઝાડા કરાવીને એ પદાર્થને પેટમાંથી બહાર કઢાવી નાખે છે. તે જ રીતે મિથ્યાત્વનું તો સંપૂર્ણ વમન જ કરાવવું પડે છે. નહીં તો આત્માના તમામ ગુણોને એ બગાડે છે. મિથ્યાત્વનું ઝેર પદાર્થ (ગુણ) ને સંપુર્ણ ઝેરી બનાવી દે છે.

મિથ્યાત્વની હાજરીમાં મિથ્યાજ્ઞાન કે સમ્યગ્જ્ઞાન જે પણ ભણવા-ભણાવવામાં આવે તે મિથ્યાત્વથી દૂષિત બને છે પરંતુ એ જ મિથ્યાત્વના વમન કરાવ્યા પછી સમ્યક્ત્વરૂપ સુવર્ણસિદ્ધિનો સ્પર્શ કરાવવામાં આવે તો સુવર્ણની જેમ સમ્યગ્ બની જાય છે. સુવર્ણસિદ્ધિનો ગુણધર્મ છે, લોખંડને સોનું બનાવવાનો, તેમ સમ્યક્ત્વનો ગુણધર્મ છેઃ મિથ્યાજ્ઞાનને સમ્યગ્જ્ઞાન બનાવવાનો. આવી કળા જો આત્મસાત્ થઈ જાય તો મોક્ષની સાધનામાં, મોક્ષમાર્ગ પર ચાલવામાં જોમ અને ઝડપ આવી જાય. 'શ્રદ્ધા અને સંવેગનો ઊમેરો થયા પછી ધર્મ વધારે સ્વાદિષ્ટ અને પૌષ્ટિક બની જાય છે.' એ થયા પછી આરોગવાનો (આરાધવાનો) ઉત્સાહ પણ શતશઃ - સહસ્રશઃ વધી જાય છે ! આવો ધર્મ દોષોની હાનિ અને ગુણોની વૃદ્ધિ કરાવે છે.

પેટમાં પડેલા કૃમિ શરીરના બળને હણી નાખે છે. શરીરમાં આવેલો તાવ શરીરના બળ અને નૂર હરી લે છે. પંરતુ એ કૃમિ અને તાવ ચાલ્યા ગયા પછી શરીરને યોગ્ય ખોરાક (ગુણકારી પદાર્થ) આપવામાં આવે તો શરીરના બળમાં અને કાંતિ-લાવણ્ય વગેરેમાં વધારો જોવા મળે છે. એવી જ ઘટના દોષ-દુશ્મનના ચાલ્યા ગયા પછી અને મિત્રના - ગુણના આવ્યા પછી આત્મામાં જોવા મળે છે.

(વધુ આવતા અંકમાં)

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

**- સંકલન**

પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨ તથા પૂ.પ્ર.સા.શ્રી ભદ્રિકાશ્રીજી મ. આદિ ઠા.૪ વિહાર હરી ગુજરાત તરફ આગળ વધી રહ્યાં છે.

પોષ વ.૧ તા.૭-૧-૨૩ શનિવારે તલાસરીથી નીકળી ગુજરાતની હદમાં પ્રવેશ કરવા પૂર્વક ઝરી ગામની સ્કૂલમાં મુકામ કર્યો. વદ-પ્રથમ બીજ રવિવારે સવારે ઉમરગામ રેલવે સ્ટેશનથી સામૈયાપૂર્વક જીઆઈડીસીના શ્રીવાસુપૂજ્ય સ્વામી

- જિનાલયે પધાર્યા. દર્શન-ચૈત્યવંદનાદિ થયાબાદ સૌને નવાકારશી કરાવાઈ. સામૈયા તથા નવકારશીનો લાભ બેંગલોરવાળાં સૌ. નિર્મળાબેન રજનીકાંત ફોફરિયાએ લીધો. નિર્મળાબેનનું પિયર ઉંમરગામ હોવાથી અને ગુરુદેવ તરીકે માનેલા પૂ.આચાર્યભગવંત પધારતા હોવાથી ખાસ બેંગલોરથી ચાર ભાગ્યશાળી આવ્યા હતા. ચુનીલાલજી ચંદન તરફથી બધો લાભ લેવાનો હતો પરંતુ આ ભાગ્યશાળીની ભાવનાને વધાવી ચંદન પરિવારે તેમની ભાવનાને સાકાર કરાવી. નવકારશી બાદ પ્રવચન તથા ફોફરિયા પરિવાર તરફથી બંને દિવસનાં પ્રવચનમાં પ્રભાવના અપાઈ. ચંદન પરિવારે પણ પ્રભાવનાનો લાભ લીધો હતો.

ત્યાંથી સંજાણ-ભીલાડ થઈ વાપી જીઆઈડીસી પધાર્યા. ત્યાંથી ઈડરવાળા સુરેશભાઈની ખાસ વિનંતિથી ટુકવાડા અવધ-ઉટોપિયા પધાર્યા. તેમને ત્યાં માંગલિક કર્યું. સૌને પ્રભાવના અપાઈ. ત્યાંથી બીજે દિવસ એટલે પો.વ.૭ શનિવારે ઉદવાડા પધાર્યા. ત્યાં અમદાવાદ-સુરતથી ખાસ નેમચંદ અમથાલાલ પરિવારના જયંતીભાઈ, કીર્તિભાઈ, નરેન્દ્રભાઈ વગેરે પરિવાર સાથે વંદનાર્થે આવેલા, જેઓ પૂ.સા.શ્રી કુવલયમાલાશ્રીજી મ.નાં સંસારી ભાઈઓ થાય. આખો દિવસ તેઓ ત્યાં જ રોકાયા હતા. દીકરી-જમાઈઓ સહિત આવેલા. તેઓને પૂ.આચાર્યભગવંતે માર્મિક પ્રવચન આપ્યું.

ત્યાંથી રત્નાકરધામ, નિરવબાગ, વાગલધરા, અલીપોર, અષ્ટગામ થઈ સિસોદરા પધાર્યા. ત્યાં જીર્ણોદ્ધાર થયેલ (પ્રતિષ્ઠા-બાકી) જિનાલયમાં ત્યાંના શ્રીસંઘે પૂ.શિલ્પવિશારદ આ.ભ.નું માર્ગદર્શન લીધુંઃ ત્યાંથી વિહાર કરી વેસ્મા થઈ બલેશ્વર તીર્થ પધાર્યા. ત્યાંય ઘણા ભાગ્યશાળીઓ સુરત વગેરેથી વંદનાર્થે આવેલ. બલેશ્વરથી કામરેજ થઈ ચેતના ફાઈબર, શ્રીસ્ટોન, વસંતવિહાર થઈ અંકલેશ્વર-રવિરાજ એપાર્ટમેન્ટ પાસેના વિહારધામમાં પધાર્યા. ત્યાંથી ભરૂચ પ્રીતમ સોસાયટીમાં તા.૨૮-૨૯-૧-૨૩ બે દિ' સ્થિરતા કરી.

ત્યાંથી અસુરિયા - વડેરિયા - પાલેજ - મેઘદૂત જીન - માંગલેજ થઈ વરણામા તીર્થ પધાર્યા. આગળ માંજલપુર થઈ મહા વ.૨ મંગળવારે કારેલીબાગમાં વીરનગર સોસાયટીમાં સામૈયા સાથે વાજતે-ગાજતે પધાર્યા. પૂ.મુ.શ્રીનીતિશેખર વિ.મ.ની સંસારી પુત્રી સૌ.નીતાબેન હેમેન્દ્રભાઈ તરફથી વાજતે-ગાજતે સામૈયું થયું. મંગલ પ્રવચન બાદ સહુની નવકારશીથી સાધર્મિકભક્તિ તે જ પરિવારે કરાવી. બીજે દિવસે એટલે મહા વ.૩ તા.૮-૨-૨૩ બુધવારે સવારે સુભાનપુરા, વિજયરામચન્દ્રસૂરિ આરાધના ભવનમાં પધાર્યા. ત્યાં ૯-૩૦ થી ૧૦-૩૦ પ્રવચન



થયું. રૂ.૫૦ નું સંઘપૂજન થયું !

મહા વ. પ્રથમ ૪ ના પૂજ્ય ગુરુદેવ છાણી પધાર્યા. સામૈયું-વાજતે-ગાજતે રામાકાકાથી થયું. તેનો લાભ શા.કુમારપાળ બાલુભાઈએ લીધો. પ્રવચન મુકેશભાઈ રમણલાલ શાહના ગૃહાંગણે અમીનનગરમાં થયું. તેમના તરફથી સૌને નવકારશી કરાવી. ત્યારબાદ પૂજ્યશ્રી ગામમાં પધાર્યા. બપોરે ૧-૦૦ કલાકે સૌ. નીતાબેન હેમેન્દ્રભાઈ તરફથી શ્રીઋષિમંડલ મહાપૂજન ભણાવાયું. સાંજે તે જ પરિવારે સંઘસાધર્મિક વાત્સલ્યનું આયોજન કરેલ. મહા વ. બીજી ચોથના સવારે ૭-૩૦ થી ૮-૩૦ પ્રવચન થયું. બપોરે ૩-૦૦ થી પાંચ નવગ્રહાદિ પાટલા પૂજન થયેલ. (અહીંના મૂળનાયક શાંતિનાથ જિનાલયની સાલગીરી પ્રસંગે નવાહ્નિક મહોત્સવ ચાલતો હતો) ત્રણે પાટલાના લાભાર્થી ભિન્ન-ભિન્ન હતા.

મહા વ.૬ તા.૧૨-૨-૨૩ રવિવાર શ્રીશાંતિનાથ જિનાલયની ૧૨૮ મી સાલગીરા હતી. સવારે બહેનોના મંગલ પ્રભાતિમાં થયાં. સકલ સંઘની નવકારશી સંઘ તરફથી થઈ. ત્રણે ટાઈમની ભક્તિ હતી. તેમાં ધ્વજાના લાભાર્થી કુમારપાળ બાલુભાઈ મુખ્ય લાભાર્થી બન્યા હતા.

સવારે ૯-૩૦ કલાકે પૂ.આ.ભ. સહિત ચતુર્વિધ સંઘ શા.કુમારપાળ બાલુભાઈ શાહના નિવાસ સ્થાન (૭૨-અમીનગર) વાજતે - ગાજતે પધાર્યા. ત્યાં ગુરુપૂજન-માંગલિક થયા બાદ ધ્વજા લઈ પરત ગામના જિનાલયે પધાર્યા. ત્યાં સ્નાત્ર અને શાંતિકળશ (પૂ.જ્ઞાનવિમલ સૂ.મ. રચિત શાંતિકળશ સંપૂર્ણ અહીં ગવાય છે.) થયા બાદ સત્તર ભેદી પૂજા પૈકી જળપૂજા અને ધ્વજપૂજા ભણાવાઈ. ત્યારબાદ પૂ.ગરુદેવે ધ્વજા મંત્રિત કરી. ભગવાનને ત્રણ પ્રદક્ષિણા કર્યાબાદ ધ્વજારોહણ માટે શિખર પર લઈ ગયા. ૐ પુણ્યાહં.. ૐ શ્રી શ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ... વગેરે મંગલકારી અને ગગનભેદી સામૂહિક નાદ પૂર્વક ધ્વજારોહણ થયું. તેના હર્ષમાં લાભાર્થી પરિવારે પ્રીતિદાન માટે અક્ષતાદિ દ્રવ્યો ઉછાળ્યાં હતાં.

ધ્વજારોહણ બાદ સંઘ સાધર્મિક વાત્સલ્ય થયું. ધ્વજારોહણ તથા સાધર્મિકવાત્સલ્યમાં વિશાળ સંખ્યામાં ગામ-પરગામના ભાવિકો પધાર્યા હતા. બપોરે ૨-૦૦ કલાકે લઘુ શાંતિસ્નાંત્ર ભણાવાયું. રાત્રે ભક્તિ ભાવના કરી. વિધિકાર-સંગીતકાર ગામના-સ્થાનિક જ હતા. (છાણી, દીક્ષાની ખાણીની જેમ વિધિ-સંગીતની પણ ખાણ છે.)

મહા વ.૭ ના સવારે પૂજ્યશ્રી વિહાર કરી ૐકાર તીર્થ, અડાસ-કળશ મંદિર થઈ મહા વ.૯ ના નાપાડ પધાર્યા.

(ક્રમશઃ) ધ

## વહાણને છોડી શિલા માટે પ્રયત્ન...

**अपारे संसारे कथमपि समासाद्य नृभवं,**
**न धर्मं यः कुर्याद्विषयसुखतृष्णा-तरलितः ।**
**ब्रूडन्पारावारे प्रवरमपहाय प्रवहणं,**
**स मुख्यो मूर्खाणामुपलमुपलब्धुं प्रयतते ।।**

ઘોર ભયંકર સંસારમાં મહાપ્રયત્ને મળેલ માનવ જન્મમાં જે વિષયસુખની તૃષ્ણાના ફંદામાં ફસાયેલો ધર્મ કરતો નથી; તે સંસાર સાગરમાં ડૂબતાં; તારનારા શ્રેષ્ઠ વહાણને છોડી મૂર્ખાઓમાં મુખ્ય ગણાતો-મૂર્ખશિરોમણિ પત્થરની શિલા (ગળે બાંધવા) માટે પ્રયત્ન કરે છે !